રાજ્યની ધો. ૧ થી ૭ માં ભણતી આદિજાતિ
કન્યાઓના વાલીઓને અનાજ આપવાની
યોજનાનો અમલ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મભય/૧૩૨૦૦૩/૧૨૬૭/ર
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૩/૩/૨૦૦૪

<u>વંચાણે લીધા :</u>

(૧) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૦/ગ તા:૧૦/૮/૨૦૦૦
(૨) આદિજાતિ વિ.વિ. ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૦/ગ તા:૧૬/૧૦/૨૦૦૦
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મભય/૧૩૨૦૦૩-૩૩૫(૫) ૧૯૧-૨ તા: ૩૧/૩/૨૦૦૩
(૪) શિ.વિ.ઠરાવ ક્રમાંક: મભય/૧૩૨૦૦૩/૧૨૬૭/ર તા:૨૪/૧૨/૦૩
(૫) કમિશનર, આદિજાતિ વિકાસના આદેશ ક્રમાંક: આ.વિ.ક/સબ-[illegible]-૨૦૦૩-૦૪/૩૯૩/ તા:૧૨/૩/૦૪
(૬) સામાજીક, ન્યાય અને આદિજાતિ વિ.વિ.ના પત્રાંક/ટીએસપી/૨૦૦૩-૨૯૫/પ તા:૯/૩/૦૪

<u>પ્રસ્તાવના :</u>

રાજ્યના આદિજાતિ વિસ્તારનાં ધો. ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યા કેળવણી માટે પ્રોત્સાહન રૂપ આદિવાસી કન્યાદીઠ વાર્ષિક ૬૦ કિ.ગ્રા. વધુમાં વધુ કુટુંબદીઠ બે આદિજાતિ કન્યાઓ માટે ૧૨૦ કિ.ગ્રા. મફત અનાજ વિતરણની યોજના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકેલ છે.

<u>ઠરાવ :</u>

ઉપરોક્ત સંદર્ભ (૫) અને (૬) હેઠળના કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના તા: ૧૨/૩/૦૪ ના પત્રથી ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત આદિજાતિ વિસ્તાર પેટા યોજના માંગણી નં.૯૬ આયોજન સદરના પેટા સદર(૬) આદિજાતિ વિસ્તારમાં મ.ભો.યો. માટેની ખાસ જોગવાઈ ધો. ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના હેઠળ રૂ. ૪,૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર કરોડ વીસ લાખ પુરા) ની ગ્રાંટની રકમનો ખર્ચ કરવા આ વિભાગને ફાળવી મુકેલ છે. સદરહુ રકમ ઉક્ત હેતુ માટે સને ૨૦૦૩-૦૪ ના

વર્ષ માટેની માર્ચ-૦૪ માસની ગ્રાંટ માટે ફાળવેલ છે. આ રકમનો ખર્ચ કરવા મ.ભો.યો. ને હવાલે સદરહુ ગ્રાંટ આથી મુકવામાં આવે છે. ઉપરોક્ત રકમ ઉચ્ચક બીલથી ઉપાડીને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમને ચુકવવાના રહેશે.

૨/- આ રકમનો ખર્ચ જે તે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવીને જ કરવાનો રહેશે. આ ફાળવેલ ગ્રાંટ જે તે કામગીરી માટે જે તે સદર હેઠળ જ કરવામાં આવે તે મુજબ જ ખર્ચ કરવાનો રહેશે. આ અંગેનો ખર્ચ આ વિભાગના તા: ૨૭/૧૨/૦૩ ના ઠરાવમાં ઠરાવેલ શરતો અનુસાર કરવાનો રહેશે. આ રકમ પી.એલ.એ.માં જમા કરાવી શકાશે નહીં.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૯૬ (આયોજન)
સેક્ટર- (ખ) સામાજીક સેવાઓ
મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર -૦૨ પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ
ગૌણ સદર: (૯) (એમ.પી.એ.-૧ પોષણ માટેની ખાસ જોગવાઈ)
યોજના નંબર : ૨૨૭૮૮૭
બજેટ હેડ : ૨૨૩૬૦૨ ૭૯૬૦૩૪

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર આદિજાતિ વિકાસ વિભાગના તા: ૨૦/૭/૨૦૦૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એલ.જે.ચારેલ )
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.(પત્ર દ્વારા)
(૩) સર્વ માન.મંત્રીશ્રી/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
(૪) માન. વિરોધ પક્ષના નેતાશ્રી.
(૫) માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.